RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 33, Dt.19-04-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકશાહીના મહાપર્વના પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો પર મતદાન

## બપોર સુધીમાં ત્રિપુરામાં સૌથી વધુ ૫૩.૪ ટકા, જયારે લક્ષ્યદ્વીપમાં સૌથી ઓછુ ૨૯.૯૧ ટકા મતદાન નોંધાયુંઃ ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે સવારથી મતદાનનો પ્રારંભઃ ૧૬૨૫ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વની સૌથી મોટી લોકશાહીના મહાપર્વનો આજથી પ્રારંભ થયો છે. લોકસભાની ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કાનું મતદાન થઇ રહ્યું છે. પ્રથમ ચરણમાં ૨૧ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ લોકસભા બેઠકો પર આજે મતદાન થશે. પ્રથમ તબક્કાના મતદાનમાં મોદી સરકારના ૮ મંત્રીઓ અને ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ અને એક પૂર્વ રાજ્યપાલની હારજીત ઈવીએમમાં કેદ થશે. આ ઉપરાંત પણ અનેક VIP બેઠકો એવી છે જેના પર લોકોની નજરો ટકેલી છે. મતદાન પ્રક્રિયા સવારે સાત વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી ચાલશે.



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દરેકને મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું, નલોકસાહીનો સૌથી મોટો તહેવાર આજથી શરૂ થઈ રહ્યો છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો માટે મતદાન થશે. હું આ તમામ બેઠકોના મતદારોને વિનંતી કરું છું કે તેઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરે અને મતદાનનો નવો રેકોર્ડ બનાવે.થ પ્રથમ વખત મતદાન કરવા જઈ રહેલા મારા યુવા મિત્રોને મારી ખાસ અપીલ છે કે તેઓ મોટી સંખ્યામાં મતદાન કરે. લોકશાહીમાં, દરેક મત કિંમતી છે અને દરેક અવાજ મહત્વપૂર્ણ છે! મતદાન કેન્દ્રો પર સવારથી જ લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ ચૂંટણીમાં અનેક દિગ્જ્જો જેમ કે નીતિન ગડકરી,કિરણ રિજિજૂ, સર્બાનંદ સોનોવાલ, અર્જુન રામ મેઘવાલ, ચિદમ્બરમ સહિત ૧૫ નેતાઓ મેદાનમાં ઉતરશે. પ્રથમ તબક્કામાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, આસામ, બિહાર, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર પ્રશ્ચિમ બંગાળ, મણિપુર, છત્તીસગઢ સહિત અન્ય રાજયોમાં મતદાન થઈ રહ્યું છે. જે રાજયોમાં મતદાન થશે તેમાં જમ્મુ અને કાશ્મીર, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ, લક્ષદ્વીપ, પુડુચેરી, સિક્કિમ, નાગાલેન્ડ, આંદામાન અને નિકોબારનો પણ સમાવેશ થાય છે

લોકસભા ચૂંટણી માટે પ્રથમ ચરણ માટે ૧૦૨ સીટો પર મતદાન થશે. જેમા ૧૬૨૫ ઉમેદવારો મેદાને છે, જેમા ૧૪૯૧ પુરુષો અને ૧૩૪ મહિલા ઉમેદવારો મેદાને છે. જેમાંથી અનેક એવા ચહેરા જે પહેલીવાર કિસ્મત અજમાવી રહ્યા છે. તો કેટલાક એવા ચહેરા પણ છે જે છેલ્લા લાંબા સમયથી જીતની ગેરંટી બની રહ્યા છે. પહેલા તબક્કામાં પશ્ચિમી યુપી, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, સહિત ૨૧ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મતદાન થશે. જેમા સૌથી વધુ નજરો તમિલનાડુ પર ટકેલી રહેશે. અહીં રાજયની તમામ બેઠકો પર પ્રથમ ચરણમાં જ મતદાન સંપન્ન થઈ જશે.પ્રથમ ચરણમાં પ્રશ્ચિમી ઉત્તરપ્રદેશની ૮ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. જેમાં રાજસ્થાનની ૧૨, ઉત્તરાખંડની તમામ ૫ બેઠકો, બિહારની ૪ બેઠકો, પશ્ચિમ બંગાળની ૪ બેઠકો, તમિલનાડુની તમામ ૩૯ બેઠક પર ચૂંટણી થશે, આ ઉપરાંત અરૂણાચલ પ્રદેશની ૨, અસમની ૪, મધ્યપ્રદેશી ૬, મણિપુરની ૨, મેઘાલયની ૨, નાગાલેન્ડ ત્રિપુરા સહિત ૨૧ રાજયોની ૧૦૨ બેઠકો પર મતદાન થવાનુ છે. તેમા કેટલીક બેઠકો ટફ જેના પર સત્તાધારી પાર્ટી અને વિપક્ષના મોટા નેતા ચૂંટણીના રણમાં છે.

# ઈરાન પર ત્રાટકતુ ઈઝરાયલઃ મિસાઈલ ડ્રોનથી કરાયો હુમલો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાનનાં ડ્રોન-મીસાઈલ હુમલા બાદ હવે ઈઝરાયેલે બદલો લેવા માટે પ્રહાર શરૂ કર્યા છે અને મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધનાં ભણકારા વાગવા લાગ્યા છે. ઈઝરાયેલે મોડીરાત્રે ઈરાન પર ડ્રોન-મીસાઈલ ઝીંકયા હતા જેને પગલે અમુક ભાગોમાં પ્રચંડ વિસ્ફોટ સંભળાયા હતા. ઈરાને મિસાઈલ હુમલાની વાત નકારીને ડ્રોન હુમલા મારી હટાવ્યાનો દાવો કર્યો છે. લોકલ વિમાની સેવા બંધ કરી દેવામાં આવી છે. જયારે આંતર રાષ્ટ્રીય વિમાનોએ રૂટ ડાઈવર્ટ કરવાનું શરૂ કરી દીધુ છે.ઈરાનની ન્યુઝ એજન્સીએ એવો દાવો કર્યો હતો કે ઈરાનનાં શહેર ઈસ્ફાસનના એરપોર્ટ નજીક પ્રચંડ વિસ્ફોટ સંભળાયો હતો.જેને પગલે ઈરાને



એરકન્ડીશન્ડ સીસ્ટમ એકટીવ કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ઈરાનનાં અનેક અણુ સ્થળો ઈસ્ફાહાન ક્ષેત્રમાં જ છે.જોકે કોઈ અણુ પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા નથી અને તમામ સુરક્ષિત છે.

સિરીયામાં ઈરાની દુતાવાસ પર હુમલાનો બદલો લેવા માટે ઈરાને ગત સપ્તાહમાં ઈઝરાયેલ પર ડ્રોન મિસાઈલ હુમલો કર્યો હતો તેના વળતા બદલારૂપે હવે ઈઝરાયેલ દ્વારા પ્રહાર કરાયો છે. ઈઝરાયેલે ગઈકાલે જ બદલો લેવાનું જાહેર કર્યું હતું અને બાદમાં મોડીરાત્રે આક્રમણ કર્યું હતું.

# ચીનને ચેક-મેટ કરવા ભારતનો માસ્ટર સ્ટ્રોક, ડ્રેગનના પાડોશી ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલ મોકલાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતે ચીનના પાડોશી દેશ ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલ મોકલવાની તૈયારીઓ શરૂ કરી દીધી હોવાના અહેવાલો સામે આવ્યા છે. એવું કહેવાય છે કે, ૧૯ એપ્રિલે મિસાઈલની પ્રથમ બેંચની ડિલિવરી કરાશે અને તેને ભારતીય વાયુ સેનાના સી-૧૭ ગ્લોબમાસ્ટર અને રશિયન આઈએલ-૭૬ ટ્રાન્સપોર્ટ વિમાન દ્વારા ૧૯ એપ્રિલે ત્યાં પહોંચાડાશે. આ વિમાન દક્ષિણ ચીન સાગર પરથી પસાર થઈને ફિલિપાઈન્સ પહોંચશે. દક્ષિણ ચીન સાગરના વિવાદીત વિસ્તારમાં ડ્રેગન હંમેશા વિવાદ ઉભો કરતો આવ્યું છે, તેથી બ્રહ્મોસ મિસાઈલને ચીનને નિયંત્રણ કરવામાં મદદ મળશે.





યુરેશિયન ટાઈમ્સે ભારતીય વાયુસેનાના એક અધિકારીઓને ટાંકીને દાવો કર્યો છે કે, બ્રહ્મોસ મિસાઈલ શુક્રવારે ફિલિપાઈન્સ પહોંચ્યા બાદ તેની સંપૂર્ણ સિસ્ટમ આગામી સપ્તાહ સુધીમાં એક્ટિવ થઈ શકે છે. ત્યારબાદ મિસાઈલની સિસ્ટમ જાણવા માટે ફિલિપાઈન્સ સશસ્ત્ર દળને તાલીમ અપાશે. મનીલા બુલેટીને ડિલીવરી સંબંધિત એક સૂત્રનો ટાંકીને કહ્યું કે, આ મિસાઈલ કલાર્ક આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ૧૯ એપ્રિલે પહોંચવાની સંભાવના છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભારતીય મિસાઈલ સિસ્ટમ કથિર રીતે ચીનના આક્રમણનો મુકાબલો કરવા માટે મોકલવામાં આવી રહી હોવાની પુષ્ટી કરવામાં આવી છે. રિપોર્ટમાં એવું પણ જણાવાયું છે કે, ભારતીય મિસાઈલથી ફિલિપાઈન્સ સેનામાં પણ ઉત્સાહ છે. જોકે એએફપી અને રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગે હજુ સુધી આ બાબતની પુષ્ટી કરી નથી. જોકે ફિલિપાઈન્સ સેના વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસને ફિલિપાઈન્સ મરીન કોપર્સમાં સામેલ કરવા માટે ઉત્સુક હતી.

ફિલિપાઈન્સને દક્ષિણ ચીની સમુદ્રની જળસીમાને લઈને ચીન સાથે વિવાદ ચાલી રહ્યો છે. આ મિસાઈલોથી ફિલિપાઈન્સની નેવી વધુ મજબૂત થશે અને ચીનને પડકાર ફેંકવામાં સક્ષમ બનશે. કૂટનીતિની રીતે પણ આ સોદો ખૂબ જ મહત્વનો સાબિત થશે. ઉલ્લેખનિય છે કે, ૨૦૨૨ના રિપોર્ટ મુજબ ભારત-ફિલિપાઈન્સ વચ્ચે ૩૭.૪ કરોડ ડોલર એટલે કે અંદાજે ૨૮ અબજ રૂપિયાનો કરાર થયો છે. તે સમયે બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ અને ફિલિપાઈન્સની નેવી વચ્ચે કરાર થયો હતો.બ્રહ્મોસ મિસાઈલ ભારત-રશિયાનું સંયુક્ત સાહસ છે. આ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ લડાકુ વિમાનો, યુદ્ધજહાજ અને સબમરીન એમ ત્રણેય રીતે લોંચ થઈ શકે છે. તેને જમીન પરથી કે યુદ્ધજહાજ-લડાકુ વિમાનના પ્લેટફોર્મ પરથી ફાયર કરી શકાય છે.

# છત્તીસગઢમાં સ્પેશિયલ ઓપરેશનઃ એક વર્ષમાં ૮૦ નક્સલી ઠાર, ૧૨૫ની ધરપકડ અને ૧૫૦નું આત્મસમર્પણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છત્તીસગઢમાં નક્સલવાદનો ખાતમો કરવા માટે સ્પેશિયલ ઓપરેશન ચાલી રહ્યું છે. જેમાં વર્ષે ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૮૦ નક્સલીઓ માર્યા ગયા છે અને ૧૨૫થી વધુની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૧૫૦ નકસલીઓએ આત્મસમર્પણ કર્યું છે. બે દિવસ પહેલા જ સુરક્ષાદળો સાથેની અથડામણમાં ૨૯ નક્સલીઓ ઠાર કર્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડાઓ અનુસાર, ૨૦૦૪-૧૪ની સરખામણીમાં ૨૦૧૪-૨૩માં દેશમાં ઉગ્રવાદને લગતી હિંસામાં ૫૨ ટકાનો ઘટાડો થયો છે.



છત્તીસગઢમાં નવી સરકારની રચના સાથે જ નક્સલીઓ સામે સ્પેશિયલ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩માં નક્સલ પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કર્યા પછી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલીઓ વિરુદ્ધ સ્પેશિયલ ઓપરેશન ચલાવવાનો આદેશ આપ્યો હતો. એક વિશેષ સમિતિ પણ બનાવવામાં આવી હતી. જેમાં ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, બીએસએફ, ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ અને ઈન્ટેલિજન્સ બ્યુરોના ડાયરેક્ટર જનરલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.૧૬મી એપ્રિલે છત્તીસગઢના કાંકેર જિલ્લામાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે અત્યાર સુધીની સૌથી મોટી અથડામણ થઈ હતી. ડીઆરજી અને બીએસએફના જવાનો નક્સલીઓના ઠેકાણાંમાં પ્રવેશ કરીને ૨૯ નક્સલીઓને ઠાર કર્યા હતા. જેમાં કુખ્યાત નક્સલી કમાન્ડર શંકર રાવનો પણ ખાતમો થયો હતો. આ અથડામણમાં ત્રણ સુરક્ષાકર્મીઓ પણ ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ અહીંથી એકે-૪૭, ઈન્સાસ રાઈફલ અને એલએમજી સહિત મોટી માત્રામાં હથિયારો પણ જપ્ત કર્યા હતા.

સુરક્ષા દળોએ ૨૦૧૪થી નક્સલવાદ પ્રભાવિત વિસ્તારોમાં કેમ્પ બનાવવાનું શરૂ કર્યું હતું વર્ષ ૨૦૧૯ પછી ૨૫૦થી વધુ કેમ્પ બનાવવા આવ્યા હતા. ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર, વર્ષ ૨૦૧૪-૨૩ની સરખામણીમાં વર્ષ ૨૦૦૪-૧૪માં નક્સલવાદી હિંસાની ઘટનાઓ ૧૪૮૬૨થી ઘટીને ૭૧૨૮ થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૪-૧૪ની સરખામણીમાં ૨૦૧૪-૨૩માં સુરક્ષા કર્મચારીઓના મૃત્યુની સંખ્યામાં ૭૨ ટકાનો ઘટાડો થયો છે. આ સંખ્યા ૧૭૫૦ થી ઘટીને ૪૮૫ થઈ ગઈ છે. આ ઉપરાંત સામાન્ય લોકોના મૃત્યુની સંખ્યા ૪૨૮૫થી ૬૮ ટકા ઘટીને ૧૩૮૩ થઈ ગઈ છે.

# વિજય મૂહૂર્તમાં ઉમેદવારી નોંધાવતા પરેશ ધાનાણી

## ક્ષત્રિયાણીઓએ પાઘડી પહેરાવી કર્યુ સમર્થનઃ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની ઉપસ્થિતિઃ રેસકોર્ષ મેદાનમાં યોજાઈ જાહેરસભા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતની તમામ બેઠકો પર આજે(૧૯મી એપ્રિલ) ઉમેદવારી નોંધવવાનો છેલ્લો દિવસ છે, ત્યારે રાજકોટ લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે ઉમેદવારી પત્ર ભર્યું છે. ઉમેદવારી પત્ર ભરતા પહેલા બહુમાળી ભવન ચોક પાસે રેસકોર્સના મેદાનમાં જાહેર સભા યોજવામાં આવી હતી. પરેશ ધાનાણી સભાસ્થળે પહોંચતા ક્ષત્રિયાણીઓએ તિલક અને પાઘડી પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જાહેર સભામાં શક્તિસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત અને નયનાબા જાડેજા સહિત કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

રાજકોટ બેઠકથી કોંગ્રેસ ઉમેદાવાર પરેશ ધાનાણી જાહેર સભાને સંબોધતી વખતે અચાનક વીજળી ગૂલ થઈ હતી. ચાલુ સભામાં વીજળી ગૂલ થતાં પરેશ ધાનાણીએ સરકાર પર પ્રહારો કરતા કહ્યું હતું કે, 'સૌરાષ્ટ્રના પાટનગરમાં ધોળા દિવસે વીજળી ગુલ થઈ, આ વિકાસને હરાવવાનો છે.'

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ફરી વખત ગાંધીનગરથી લોકસભા ચૂંટણી લડવાની તૈયારી કરી લીધી છે. તેના ભાગરૂપે તેમણે ગાંધીનગરથી ઉમેદવારી પત્ર ભરી દીધું છે. આ ઉપરાંત ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે પણ નવસારીથી ઉમેદવારી નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે સી આર પાટીલ ગુરુવારે વિજય મુહૂર્તમાં ફોર્મ ભરવાના હતા પરંતુ રોડ શોમાં વિજય મુહૂર્ત નીકળી જતા તેમણે આજે ઉમેદવારી નોંધાવવાનું નક્કી કર્યું હતું.

# જામનગરના ધ્રોલ નજીક આવેલી હોટલ પાસેથી એસઓજીએ બે શખ્સને બે કિલો ગાંજા સાથે પકડી પાડ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ધ્રોલ નજીક આવેલી એક હોટલ પાસેથી એસઓજીએ બે શખ્સને બે કિલો ગાંજા સાથે પકડી પાડ્યા છે. ધ્રોલ તથા જામનગરના બે શખ્સ માટે નડિયાદથી ગાંજો ખરીદી ડિલિવરી આપવાની હતી. તે પહેલાં એસઓજીએ બંનેને પકડી પાડ્યા હતા. પોલીસે બંનેની ધરપકડ કરી છે અને સપ્લાયર, બે રિસિવરની શોધખોળ હાથ ધરી છે.જામનગર-રાજકોટ માર્ગ પર આવેલા ધ્રોલ નજીકની એક હોટલ પાસે બે શખ્સ ગાંજાના જથ્થા સાથે એક વાહનમાં આવી રહ્યા છે તેવી બાતમી જામનગર એસઓજીના હિતેશ ચાવડા, રમેશભાઈ, તૌસિફ તાયાણીને મળતા પીઆઈ બી.એન. ચૌધરીને વાકેફ કરાયા પછી પીએસઆઈ એલ.એમ. જેરના વડપણ



હેઠળ એસઓજી ટીમે વોચ રાખી હતી.તે દરમિયાન ધ્રોલ-રાજકોટ ધોરીમાર્ગ પર જય વાડીનાથ હોટલ પાસે શાહનવાઝ ઈબ્રાહીમ શાહમદાર, જાવિદ હાજીભાઈ ચાવડા નામના બે શખ્સ મળી આવ્યા હતા. ધ્રોલની રઝવી સોસાયટીમાં રહેતા શાહનવાઝ અને જામનગરના બચુનગરમાં રહેતા જાવિદની અટકાયત કરી એસઓજીએ તલાશી લેતાં આ શખ્સોના કબજામાંથી બે કિલો ગાંજો મળી આવ્યો હતો.અંદાજે રૂ.૨૦ હજારનો ગાંજો કબજે કરી પૂછપરછ કરાતા આ શખ્સોએ નડિયાદના રફીક નામના શખ્સ પાસેથી ગાંજો ખરીદી ધ્રોલના સોયબ મેમણ તથા જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા રબ્બાની પાર્કવાળા સાજીદ યાસીન ગજીયાને આપવાનો હોવાની કબૂલાત કરી છે. એસઓજીએ બે મોબાઈલ, રોકડ મળી કુલ રૂ.૩૦, ૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પાંચેય શખ્સ સામે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુન્હો નોંધાવાયો છે. ધ્રોલ પોલીસે શાહનવાઝ, જાવિદની ધરપકડ કરી છે અને બાકીના ત્રણની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં પોલીસના મારથી અનુસૂચિત જાતિના યુવકના મોતના મામલે ઉપલેટા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

## ઉપલેટા અનુસૂચિત જાતિના આગેવાનો દ્વારા સુત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવી યોગ્ય ન્યાયની માંગ કરાઈ



**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** ઉપલેટામાં સમસ્ત અનુસૂચિત જાતિના આગેવાનો અને અગ્રણીઓ દ્વારા રાજકોટમાં બનેલા બનાવવામાં યુવકનું મોત થયા હોવાની બાબત સામે આવી હતી ત્યારે આ બાબતના વિરોધમાં ન્યાયિક કાર્યવાહી કરવા અને જવાબદારોને પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે અને ન્યાયની માંગ સાથે ઉપલેટા શહેરમાં સૂત્રોચાર કરી આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરવામાં આવી છે.

આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ગત તા. ૧૬-૦૪-૨૦૨૪ ના રોજ રાજકોટ ખાતેના માલવીયા પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા કોઈ પણ જાતના કારણ વગર અનુસૂચિત જાતિના યુવાન હમીર રાઠોડને બેહદ માર મારવામાં આવેલ અને જયાં સુધી મોત ન નિપજયું ત્યાં સુધીનો અનહદ માર મારવામાં આવેલ આ રીતે પોલીસ પ્રસાશન દ્વારા યુવાનની કરપીણ હત્યા કરેલ આ હત્યાને લઈને અમો સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ ઉપલેટા શહેર/તાલુકા આ બનાવને આકરા શબ્દોમાં વખોડી કાઢે છે.

વર્તમાન સરકારના નેતાઓની માત્ર ચૂંટણી ફોર્મ ભરવા જેવી બાબતમાં લાગતા વળગતા નેતાઓની ચિંતા કરી જેઓને સુરક્ષા પુરી પાડવામાં આવે છે જયારે સામાન્ય નાગરીકની ખુલ્લે આમ દિન દહાડે હત્યા કરી નાખવામાં આવે છે આવા લોકોનું રક્ષણ કરવામાં સરકારને શરમ આવી રહી છે જે ખરેખર સરકારની આવી તાનાશાહીથી સમગ્ર ભારત દેશ માટે અત્યંત દુઃખ જનક છે. આવા જે મનુવાદી, આતંકવાદીઓ અનુસૂચિત જાતિના લોકોને ટારગેટ કરી રહ્યા છે અને હત્યા કરી રહયા છે ભારત દેશમાં બહુજનોનો અવાજ દબાવી દેવામાં આવે છે, જે લોકો બોલે છે તેને ગોળીએથી મારી નાખવામાં આવે છે, જે બહુજન આંદોલન કરે તેઓ પર લાઠી ચાર્જ કરવામાં આવે છે આવી દહેશત ફેલાવવાનું તથા ડરાવવાનું કામ આવા મનુવાદીઓએ બંધ કરવું જોઈએ તેવી માંગ કરાઈ છે.

આ બનાવમાં પોલીસે લોકોનું રક્ષણ કરવાને બદલે પોતે ભક્ષક બની માલવીયા પોલીસ સ્ટેશનના અધિકારી તથા તેમની સાથે રહેલા પોલીસ આ હત્યારાઓની નિસ્પક્ષ તપાસ થાય અને ન્યાયીક તપાસ કરવામાં આવે તેમજ તાત્કાલીક અસરથી હત્યારાઓની ધરપકડ કરી તેઓની સામે ધોરણસર કાર્યવાહી કરવામાં આવે તેવી સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ ઉપલેટા શહેર/તાલુકા તરફથી અમારી લાગણી અને માંગણી છે ત્યારે હત્યાના આ બનાવ અનુસંધાને માંગણીઓ તાત્કાલીક અસરથી પુરી નહી થાય તો ગુજરાતમાં રોડ ઉપર ઉતરી આવવા ફરજ પડશે અને સમગ્ર દેશમાં પણ આ આંદોલનને મોટું સ્વરૂપ આપવામાં આવશે જેની તમામ જવાબદારી સરકારની પોતાની રહેશે તેવી પણ આવેદનપત્રની અંદર ચીમકી ઉતારી છે ત્યારે આ તકે બાલુભાઈ વિંઝુડા, એડવોકેટ બી.ડી. મેકમહુ, જિકાભાઈ મકવાણા, સોમજીભાઈ મકવાણા, પુંજાભાઈ સોલંકી, પરબતભાઈ ચાવડા તેમજ અનુસૂચિત જાતિના આગેવાનો અને અગ્રણીઓ જોડાય હતા.

# દ્વારકા જિલ્લામાં બાઈક તથા મોબાઈલ ચોરી પ્રકરણમાં એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લામાં તાજેતરમાં મોટરસાયકલ તેમજ મોબાઈલ ફોનની ચોરીના જુદા-જુદા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા હતા. જેને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા એસ.ઓ.જી. વિભાગને કરેલી સૂચના અંતર્ગત ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા તથા સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. અશોકભાઈ સવાણી, જગદીશભાઈ કરમુર તથા જીવાભાઈ ગોજીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે



ઓખા મંડળના મેવાસા ગામે રહેતા રાજાભા મીયાભા માણેક નામના ૧૯ વર્ષના શખ્સને પોલીસે ગોકુલધામ સોસાયટી પાસેથી નીકળતા અટકાવી અને આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા કરવામાં આવેલી જુદી જુદી બે મોટરસાયકલની ચોરી તેમજ એક મોબાઈલ ફોનની ચોરી કરી હોવાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી.

આથી પોલીસે કુલ રૂપિયા ૯૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત શખ્સની અટકાયત કરી, વધુ તપાસ અર્થે તેનો કબજો દ્વારકા પોલીસને સોપ્યો છે.

# લાલપુર તાલુકામાં મતદાન જાગૃતિ અન્વયે સાઈકલ રેલી યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મહત્તમ પ્રમાણમાં નાગરિકો મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થાય તે હેતુથી મતદાન જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લાલપુર તાલુકામાં સ્થિત લાલપુર ગામમાં લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અન્વયે મતદાર જાગૃતિ અંગે મતદારોને જાગૃત કરવા માટે લાલપુર પ્રાંત



અધિકારીના માર્ગદર્શન હેઠળ વીર સાવરકર વિદ્યાલય ખાતે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાઈકલ રેલીમાં અધિકારીગણ, સંસ્થાના કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, લાલપુરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જોડીયાનાં તારાણા ગામે તિક્ષ્ણ હથીયારનાં ઘા ઝીંકી યુવાનની હત્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જોડીયા તાલુકાના તારાણા સીમ પંથકમાં મોડીરાત્રે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવાનની હત્યા નિપજાવવામાં આવી હોવાનો બનાવ બહાર આવ્યો છે. સંભવત ચોરીના ઈરાદે આવેલા બે શખસોએ આ જીવલેણ હુમલો કર્યો હોવાનુ પોલીસે અનુમાન દર્શાવી હત્યાના બનાવમાં બાઈકસવાર શકમંદ બેલડી સામે ગુનો નોંધી પોલીસે તેની શોધખોળ માટે જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ જોડીયા નજીક તારાણા ગામે રહેતા ભુપેન્દ્રસિંહ નિમુભા જાડેજા (ઉ.વ.૪૦) નામનો યુવાન રાત્રે તેની હાઈવે રોડ પાસે આવેલી વાડીએ સુવા માટે ગયા હતા.જે. દરમિયાન વાડી આગળ દુકાન પણ આવેલી હોય, જયાં મોડી રાત્રે



બે અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. જેઓને સંભવત પડકારતા ચોરીના ઈરાદે ઘુસેલા મનાતા આ શખસોએ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા નિપજાવી નાશી છુટયા હોવાનો બનાવ સામે આવ્યો છે.સવારે દુકાને અમુક વસ્તુઓ વેરવિખેર જોવામાં આવતા પરીજનોએ ત્યાંના પાછળના ભાગે તપાસ કરતા ભુપેન્દ્રસિંહ (ઉ.વ. ૪૦) લોહીલુહાણ હાલતમાં પડયા હતા જેઓના આંખ પાસે હથિયારના ઘા ઉપરાંત શરીરના અમુક ભાગે પણ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાયા હોવાનુ સામે આવ્યુ હતુ.આ બનાવની જાણ થતા પીએસઆઈ ઝાલા સહિતની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી.


પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોષ્ટમોર્ટમ અર્થે જામનગરની સરકારી જી.જી. હોસ્પીટલમાં ખસેડયો હતો.આ બનાવ મામલે મૃતકના મોટાભાઈ જગુભા ઉર્ફે જગદિશસિંહ નિમુભા જાડેજાની ફરીયાદ પરથી પોલીસે બે અજાણ્યા શખસો સામે હત્યાનો ગુનો નોંધીને તેની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.બનાવ સ્થળ નજીકના વિસ્તારમાં લગાડાયેલા સીસીટીવી કેમેરામાં મધરાતે લગભગ સાડા બાર વાગ્યાના સુમારે શંકાસ્પદ બાઈક પર ધસી આવેલા બે શકમંદ શખસોએ વાહન દુકાન નજીક ઉભુ રાખ્યાનુ ખુલ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે.સંભવત શકમંદ શખસો સામે કોઈ ઝપાઝપી બાદ આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકા સાથે પોલીસે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે

# હીટવેવથી પશુધનનું રાખો ખાસ ધ્યાન : પશુપાલકો અને ખેડૂતોએ લેવી વિશેષ કાળજી

## પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો, તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શક્યતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરવું જોઈએ. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિકલરથી સિંચાઈ કરો.પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના



૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા સફેદ રંગથી રંગો. પશુ રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો, વધુ ગરમી હોય તેવા સંજોગોમાં પશુઓ ઉપર પાણીનો છંટકાવ કરો અથવા પશુઓને પૂરતું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરો. આહારમાં પશુઓને લીલો ચારો વધુ માત્રામાં આપો. પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપો. પશુ આહારમાં ખનીજદ્રવ્ય (મિનરલ મિક્ષ્ચર)નો સમાવેશ કરો. સવાર અને સાંજના સમયે જ્યારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો

# 'આત્મીય ગ્રુપ'ની એમ. એન્ડ એન.વિરાણી સાયન્સ કોલેજને NAAC દ્વારા A++ ગ્રેડ પ્રાપ્ત થયો

## વર્ષોથી ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તા અને શ્રેષ્ઠ માળખાકીય સુવિધાઓ ધરાવતી ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ સમગ્ર ગુજરામાં પ્રથમ સ્થાને

**મુખ્ય સમાચાર, રાજકોટ**

'સર્વોદય કેળવણી સમાજથ સંચાલિત શ્રી એમ.એન્ડ એન.વિરાણી સાયન્સ (ઓટોનોમસ) કોલેજ વર્ષોથી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શૈક્ષણિક ગુણવત્તા અને ઉત્તરોત્તર માળખાકીય સુવિધાઓ વાળું શિક્ષણ નિરંતર પૂરી પાડતી રહી છે. અવનવી વૈજ્ઞાનિક શોધોથી કુદરતના રહસ્યોને ઉજાગર કરતા કેમેસ્ટ્રી, બાયો - કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, તથા મેથેમેટિક્સ અભ્યાસક્રમો વર્ષોથી અનુભવી અને તજજ્ઞ શિક્ષકો દ્વારા થ્રિ એચ સીસ્ટમ (હેન્ડ, હાર્ટ અને હેડ) દ્વારા અહીં ભણાવવામાં આવી રહ્યાં છે તેમજ જીવન વિદ્યા કોર્ષ દ્વારા સુખ - સુવિધા, જરૂરિયાત - ઈચ્છા, કિંમત - મુલ્ય



વગેરેના અર્થો જીવનવિદ્યાના માધ્યમથી વિદ્યાર્થીઓને સમજાવાઈ રહ્યાં છે.

માત્ર અધ્યાપન અને સંશોધન જ નહીં, 'પેપર રિસાયક્લિંગ યુનિટ' - પરિવર્તન, 'એગ્રી વેસ્ટ ટુ વેલ્થ પ્રોજેક્ટ્સ' - સર્જન, 'કન્સયુમર કેમિકલ' - સમર્થ તથા 'ટેરેસ ગાર્ડનિંગ' - નિરામય વગેરે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટના પ્રકલ્પોથી વિદ્યાર્થીઓ સામાજિક અને શૈક્ષણિક ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે તેમજ કોલેજની એન.સી.સી., એન.એસ.એસ. તથા સ્પોર્ટ્સ એક્ટિવિટીઝ વિદ્યાર્થીઓના તન અને મનને તંદુરસ્ત બનાવતી રહે છે. વર્ષોથી અપાતા આ રીતના શિક્ષણકાર્યથી આજે વિદ્યાર્થીઓ પોતાના જીવન-જગતમાં સફળતાના દરેક સોપાનો સર કરી રહ્યાં છે.

નવીનતા, નેતૃત્વ અને વ્યવસ્થાપન, વિસ્તરણ, લર્નિંગ રિસોર્સીસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વ-શાસન, મૂલ્યાંકન અને વિદ્યાર્થી પ્રગતિ તેમજ નામાંકિત કંપનીઓના કેમ્પસ ઈન્ટરવ્યૂ જેવી સતત ચાલતી પ્રવૃતિઓને લીધે ભણતર દરમ્યાન જ વિદ્યાર્થીઓને સારી એવી જોબ મળી જાય છે. આ સઘળી પ્રવૃતિઓને જોતા શ્રી એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજને ગઅઅઈ સાઈકલમાં દર વખતે ઉચ્ચ A+/A++ ગ્રેડ પ્રાપ્ત થતો આવ્યો છે.

નસર્વોદય કેળવણી સમાજથના સેક્રેટરી પરમ પૂજ્ય શ્રી ત્યાગવલ્લભ સ્વામીજીના માર્ગદર્શન અને આશીર્વાદથી આ વર્ષ ૨૦૨૩-૨૪ માં પણ શ્રી એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજને પ્રિન્સીપાલ ડો. કાર્તિક લાડવાની અધ્યક્ષતામાં A++ ગ્રેડ અંકિત થતા કોલેજના પ્રોફેસરો, વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ, શૈક્ષણિક અને અને બિન-શૈક્ષણિક સ્ટાફ વગેરે ધન્યતાની લાગણી અનુભવી રહ્યાં છે.

# શ્રી પરશુરામ યુવા ગૃપ દ્વારા રામનવમીની ઉજવણીઃ શોભાયાત્રાનું સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારતભરમાં રામ નવમીની હર્ષોલ્લાસ અને આનંદભેર ઉજવણી કરી ઠેર-ઠેર શોભાયાત્રાનું આયોજન થાય છે. ત્યારે મોરબીમાં યોજાયેલ શ્રી રામજી ની શોભાયાત્રાનું શ્રી પરશુરામ યુવા ગૃપ મોરબી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

મોરબી શ્રી પરશુરામ યુવા ગૃપ દ્વારા રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે મોરબીમાં હિન્દુ સંગઠનો દ્વારા યોજાયેલ ભવ્ય શોભાયાત્રાની સ્વાગત કરી તેમાં ભાગ લઈ રામ લલ્લાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોરબી શ્રી પરશુરામ યુવા ગ્રુપ દ્વારા એચડીએફસી ચોક ખાતે શ્રી રામ



ભગવાનને હાર તોરા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અયોધ્યામાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા થયા બાદ આ પ્રથમ રામનવમી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક ફલોટ સાથે શોભાયાત્રામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો.

# મોરબીમાં બિલીવ ફાઉન્ડેશનની સ્થાપના કરાઈ



**મુખ્ય સમાચાર જયેશ બોખાણી**

**મોરબી:** ડો.બાબા સાહેબ આંબેડકરના મિશન તથા સમાજમાં શૈક્ષણિક ક્રાંતિ લાવવા, સામાજિક એકતા અને જાગૃતિ માટે હેતુ માટે સમાજના નવયુવાનો દ્વારા બિલીવ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી હતી.

જેમાં ગત તા.૧૮ એપ્રિલના રોજ મળેલ મિટિંગમાં સભ્યોના સમંતિથિ ઠરાવ તથા ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે આકાશ પરમાર, ઉપપ્રમુખ અરવિંદ બોસિયા, મંત્રી સાવન સોલંકી, સહમંત્રી ભરત ભંખોડીયા, ખજાનચી રમેશ સોલંકીની નિમણુંક કરવામાં આવી હતી.

# જામનગરની વિદ્યાર્થીનીઓ દ્વારા મતદાન જાગૃતિ અન્વયે બાઈક રેલી યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મતદારોમાં મતદાન માટે જાગૃતિ લાવવા હેતુસર મતદાન જાગૃતિ અભિયાન (SVEEP) હેઠળ જામનગરની મહિલા આઈ.ટી.આઈ.ની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જિલ્લા શિક્ષણાધિકારી વિડજા અને મહિલા આઈ.ટી.આઈ.ના આચાર્ય જીજ્ઞેશ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ બાઈક રેલી શહેરના જનતા ફાટક વિસ્તારના મુખ્ય માર્ગો પર નીકળી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ સહિત કચેરીના કર્મચારીઓ અને શિક્ષકો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ બાઈક રેલી શહેરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઇને મતદારોને જાગૃત કરતા બેનરો તેમજ સૂત્રોચ્ચાર કરી આઈ.ટી.આઈ. ખાતે સમાપન કરવામાં આવી હતી.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# રાજકોટ-બરૌની અને રાજકોટ-મહબૂબનગર વચ્ચે દોડાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેનઃ ટિકિટોનું બુકિંગ આજથી શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ રાજકોટ-બરૌની (બિહાર રાજ્ય) અને રાજકોટ-મહાબૂબનગર (તેલંગાણા રાજ્ય) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની સ્પેશિયલ (સાપ્તાહિક) (૨૦ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની સ્પેશિયલ રાજકોટથી ૨૬ એપ્રિલ ૨૦૨૪ થી ૨૮ જૂન ૨૦૨૪ સુધી દર શુક્રવારે રાજકોટ થી ૧૨.૫૦ કલાકે ઉપડશે અને રવિવારે ૩.૩૦ કલાકે બરૌની પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની-રાજકોટ સ્પેશિયલ ૨૮ એપ્રિલ ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ દરમિયાન દર રવિવારે બરૌનીથી ૧૩.૪૫ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૫.૫૦ કલાકે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન બંને દિશા માં આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, શામગઢ, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ફતેહપુર સીકરી, આગ્રાનો કિલ્લો, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, અરાહ, દાનાપુર, પાટલીપુત્ર અને હાજીપુર સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ (સાપ્તાહિક) (૨૦ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ ૨૨ એપ્રિલ ૨૦૨૪ થી ૨૪ જૂન ૨૦૨૪ દરમિયાન દર સોમવારે ૧૩.૪૫ કલાકે રાજકોટથી ઉપડશે અને બીજા દિવસે ૧૯.૩૫ કલાકે મહેબુબનગર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૬ મહબૂબનગર-રાજકોટ સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ દરમિયાન દર મંગળવારે મહબૂબનગરથી ૨૧.૩૫ કલાકે ઉપડશે અને ગુરુવારે ૦૫.૦૦ કલાકે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન બંને દિશા માં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, અકોલા, વાશીમ, હિંગોલી, બસમત, પૂર્ણા, નાંદેડ, મુદખેડ, ધર્માબાદ, બસર, નિઝામાબાદ, કામરેડ્ડી, મેડચલ, કાચીગુડા, શાદનગર અને જડચરલા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની સ્પેશિયલ અને ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલનું બુકિંગ ૧૯ એપ્રિલ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને .ચક્ષીશુ.િશક્ષમશફક્ષફિશહ.લજ્ઞદ.શક્ષ ની મુલાકાત લઈ શકે છે.

# ટીપરવાનના મોટાભાગના ડ્રાઈવરો લાયસન્સ વગરના !

## શહેરમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાઈ તો જવાબદારી કોની ? તંત્રની કે કોન્ટ્રાકટરની ?




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી કચરો ઉઠાવવાની કામગીરી ટીપરવાન દ્વારા કરવામાં આવી રહી છે. આ માટે મનપા તંત્રએ વાર્ષિક કોન્ટ્રાકટર જે તે એજન્સીને આપ્યો હોય છે. પરંતુ આ કચરો ઉઠાવવાની કામગીરીમાં ભારે ગેરરીતિ ચાલી રહી હોવાની વિગતો સાંપડી છે. મુખ્ય સમાચારની ટીમ દ્વારા શહેરના અમુક વિસ્તારોમાં આ અંગે ખરાઈ કરવામાં આવી હતી. જેમાં અક્ષમ્ય બેદરકારી સામે આવી હતી. જયારે ટીપરવાનના ડ્રાઈવરને વાહન ચલાવવાના લાયસન્સ વિશે પુછતા તેણે જણાવ્યું કે અમારે લાયસન્સ એજન્સીને જમા કરાવી દેવું પડે છે. અમારી પાસે ફકત પુરાવારૂપે આધારકાર્ડ જ હોય છે. વધુમાં આ ડ્રાઈવરો દ્વારા શહેરની શેરીમાં વાહન પણ પુરપાટ ઝપટે ચલાવવામાં આવે છે. ત્યારે સવાલ એ થાય છે કે કયારેક હીટ એન્ડ રન કે ગંભીર અકસ્માત સર્જાશે તો જવાબદારી કોની રહેશે ? જો કે આ વિશે મપા તંત્રએ ભેદી મૌન સેવ્યું છે. કોન્ટ્રાકટર પણ કાંઈ બોલવા માંગતા નથી.

અત્રે ઉલ્લેખનિય વાત એ છે કે ટીપરવાનમાં કામ કરતા ડ્રાઈવર અને હેલ્પરના પગાર મામુલી રકમના હોય પોતાના પરિવારનું પેટીયુ રળવા તેઓએ અન્ય આજીવિકા માટે સહારો લેવો પડે છે. વધુમાં એજન્સી દ્વારા આવા શ્રમજીવીઓનું બેફામ શોષણ પણ કરવામાં આવી રહ્યું છે. જે વાત સરકારી તંત્ર પણ જાણે છે.

# આગામી રવિવારે રાજકોટનાં આંગણે મુમુક્ષુ જીમીતકુમારનો ભવ્ય દીક્ષા મહોત્સવ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી પ્લોટ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, રાજકોટ પોતાની સામાજિક અને ધાર્મિક પ્રવૃતિને લઈને રાજકોટમાં જાણીતો રહયો છે આરાધના માટે સાનુકુળ વાતાવરણ પૂરૂં પાડવું અને સહુને સાથે લઈને ચાલવું, આ પ્લોટ સંઘનો ''સકસેસ મંત્ર'' છે. આ જ કારણ છે કે આ સંઘમાંથી અનેક નવયુવાનો દીક્ષાના માર્ગે પ્રયાણ કરી રહયા છે. આ સંઘના યુવાનો સક્રિય જ નથી, શ્રીસંઘની પ્રવૃતિઓમાં ભાગીદાર પણ છે. આજે આ શ્રીસંઘમાં વધુ એક દીક્ષા થવા જઈ રહી છે.



આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજા

પરમ પૂજ્ય શાશન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી અજિતયશસુરીશ્વરજી મહારાજા, રાજકોટની રંગીલી જનતાને ધર્મરંગે રંગનારા રાજકોટમાં અનેક ચાતુર્માસ કરનારા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસુરીશ્વરજી મહારાજા, તથા પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી સંસ્કારયશ સુરીશૂરજી મહારાજા ની પાવન નિશ્રામાં ફરી એકેવાર પ્રવજ્યા મહોત્સવ આયોજિત થઈ રહયો છે આ વર્ષે રાજકોટના જ બે હોનહાર યુવાનો સંયમ ગ્રહી ચુક્યા છે, આ જ શૃંખલામાં આગળ વધુ એક યુવાનનો સમાવેશ થઈ રહયો છે.

મુમુક્ષુ શ્રીજીમીતકુમાર :

માતા - વૈશાલીબેન, પિતા- મનીષભાઈના તથા મોટાભાઈ-પરીનભાઈના લાડ-કોડમાં ઉછરેલા મુમુક્ષુ શ્રીજીમીતકુમાર પહેલેથી જ સારા સંસ્કારોનો વારસો લઈને જ મોટા થયા. રાજકોટ ખાતે અભ્યાસ પુર્ણ કરી વિશેષ અભ્યાસ માટે મુંબઈ ગયા. કોલેજનો અભ્યાસ સાંગોપાંગ પુર્ણ કર્યો. જીવનમાં કારકીર્દીની ઉજ્જવળ તકો હતી. પિતાનો બિઝનેસ હતો. ભર યુવાનવય હતી. પરંતુ કહેવાય છે ને કે કોઈ એવી ઘટના બની જાય છે, મુમુક્ષુ શ્રીજીમીતકુમારનાં જીવનમાં એવું જ થયું. એમને સંપર્ક થયો પૂજ્ય આચાર્ય ભગવંત યશોવિજયસુરિશ્વરજી મહારાજાનો. એમાં એમના મિત્ર યુવાન શ્રીકલ્પકભાઈની દીક્ષા થઈ. આ બધી જ ઘટનાઓએ એમના જીવન ઉપર ઘેરી અસર પાડી.

# ઉપલેટા તાલુકામાં વિવિધ ગામોની આંગણવાડીઓમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયા

## ધોરાજી તાલુકાના ૫૦% થી ઓછા મતદાન વાળા વિસ્તારમાં અચૂક મતદાન કરવા અપીલઃ ચુનાવ પાઠશાલા અન્વયે નિબંધ સ્પર્ધા તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીના મહાપર્વમાં જનજનની ભાગીદારી સુનિશ્ચિત કરવા જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા વ્યાપક મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. લોકો મતદાન કરી તેઓની ફરજ અદા કરે તે માટે કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શનમાં સ્વીપના નોડલ અધિકારીશ્રી જીજ્ઞાશાબેન ગઢવી અને તેમની ટીમ દ્વારા શહેર અને ગ્રામીણ વિસ્તારમાં મતદાતાઓને જાગૃત કરવામાં આવી રહ્યા છે.



જે અંતર્ગત ઉપલેટા તાલુકામાં ભાંખ, કોલકી, વચલા કલારીયા, સેવંત્રા, નવા કલારીયા, જામ ટીંબડી, મેરવદર , તણસવા, ચરેલીયા, ડુમીયાણી વગેરે ગામોની આંગણવાડી કેન્દ્ર ૨૪, ૮૫, ૭૩, ૨૫, ૭૪, ૭૮, ૧૪૦, ૧૩૯, ૧૪૧, ૧, ૧૪૮, ૮૨ માં પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યા હતાં.

ઉપલેટા તાલુકાના વડેખણ ગામે ચુનાવ પાઠશાલાનું આયોજન કરવામાં આવ્યું, જે અન્વયે નિબંધ સ્પર્ધા તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં.

વધુમાં ૭૫ -ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ધોરાજી તાલુકાના પુરુષ અને મહિલા મતદારના ૧૦% તફાવત વાળા તેમજ ૫૦% થી ઓછા મતદાન વાળા ભાગ નં .૨૫૧ -વાડોદર ૧, ૨૪૫ - નાની પરબડી - ૨, ૨૪૮ - મોટી પરબડી - ૧ ના બુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા આમંત્રણ પત્રિકા / પેમ્પલેટનું ઘરે ઘરે જઈને વિતરણ કરી મતદાર જાગૃતિ વિશેની સમજૂતી આપી તથા ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તા. ૭ મે ના રોજ ગુજરાતમાં મતદાન થવા જઈ રહ્યું છે, ત્યારે તમામ મતદાતાઓ મતદાનની તેમની ફરજ અદા કરી લોકશાહીને વધુ મજબૂત બનાવે.

# મોરબી સીટી પોલીસના બે દરોડામાં વર્લીફીચર્સનો જુગાર રમતા કુલ ૨ આરોપીની અટક, ૨ની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડીવીઝન પોલીસે સાવસર પ્લોટ મેઈન રોડ ઉપર તેમજ સિપાઈવાસમાં દરોડો પાડી જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા કુલ બે આરોપીની અટક કરવામાં આવી છે જયારે વર્લી આકડાના જુગારમાં કપાત કરતા અન્ય બે આરોપીના નામ ખુલવા પામ્યા હતા.

મોરબીના સાવસર પ્લોટ મેઈન રોડ ઉપર જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાઓ મોબાઈલમાં ટાઈપ કરી સામે છેડે વોટ્સઅપમાં મોકલી કપાત કરાવતા આરોપી નાનજીભાઇ રત્નાભાઇ તાવીયાડ ઉવ.૪૧ રહે.મોરબી ગોકુળનગરને પૈસાની હારજીતનો જુગાર રમતા રંગરહઠ ઝડપી લેવાયો હતો. પોલીસે આરોપી પાસેથી એક મોબાઇલ તથા રોકડા ૩૬૦/- મળી કુલ ૪,૩૬૦/-ના મુદામાલ સાથે ઝડપી લેવાં આવ્યો હતો જયારે વર્લી ફિચર્સના આકડાના જુગારનું કપાત કરી રહેલ આરોપી હનીફ રહે.મોરબીનું નામ ખુલતા બંને વિરુદ્ધ જુગારધારા હેઠળ કેસ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા દરોડામાં સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સિપાઈવાસ નજીક આરોપી રોનકભાઇ વિમલભાઇ મકવાળા ઉવ.૧૯ રહે.મોરબી પારેખ શેરીવાળો જાહેરમાં કાગળની ચીટ્ઠીમા જુદા જુદા ગ્રાહકો સાથે સંપર્ક કરી વર્લીફીચરના નશીબ આધારિત આંકડા લખી જુગાર રમી રમતા પોલીસની ઝપટે ચડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી જુગાર સાહિત્ય તથા રોકડ રકમ રૂ.૪,૨૦૦/-ના મુદામાલ સાથે આરોપીને દબોચ્યો હતો. પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં વર્લીફિચર્સના આકડાનું કપાત ઇરફાનભાઇ ઇસ્માઇલભાઇ ઉર્ફે બાબુભાઇ જુનાણી રહે.મોરબી લગધીરવાસનું નામ જણાવતા તેને ફરાર દર્શાવી બંને વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# રામનગરમાં કાપડના ધંધાર્થી યુવાન પાસે મિત્રએ વ્યાજના નાણાંની પઠાણી ઉઘરાણી કરતા આપઘાતનો પ્રયાસ કર્યો

## મિત્ર પાસેથી યુવાને ૪૦ ટકાએ નાણા વ્યાજે લીધાઃ એક લાખના રૂા.૨.૩૫ લાખ ચુકવી દીધા છતા વધુ રકમની માંગણી કરતા યુવાને પગલુ ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વ્યાજના વરૂઓ બેફામ બન્યા હોય તેમ અવારનવાર વ્યાજખોરોના કારણે અનેક લોકોએ આત્મઘાતી પગલાં ભર્યા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે ત્યારે રાજકોટમાં ગોંડલ રોડ પર રામનગરમાં રહેતા યુવાને કપડાનો ધંધો કરવા માટે મિત્ર પાસેથી રૂપિયા એક લાખ ૩૦ થી ૪૦ ટકાના વ્યાજે લીધા હતાં. જે વ્યાજે લીધેલા રૂપિયા ચુકવી દીધા હોવા છતાં મિત્રએ પઠાણી ઉઘરાણી કરી માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવાને બહુમાળી ભવન ચોક પાસે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ગોંડલ રોડ પર આવેલા રામનગરમાં રહેતા નિકુંજ દશરથભાઈ પરમાર નામનો ૨૯ વર્ષનો યુવાન બહુમાળી ભવન ચોકમાં હતો ત્યારે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં ફીનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે જાણ થતાં પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક પુછપરછમાં નિકુંજ પરમારે કપડાનો ધંધો કરવા માટે મિત્ર જિજ્ઞેશ પુજારા પાસેથી રૂપિયા એક લાખ ૩૦ થી ૪૦ ટકાના વ્યાજે લીધા હતાં નિકુંજ પરમારે રૂપિયા ૨.૩૫ લાખ ચુકવી દીધા હોવા છતાં મિત્ર જિજ્ઞેશ પુજારા પઠાણી ઉઘરાણી કરી જનક એન્ટરપ્રાઈઝમાં લઈ જઈ માર માર્યો હતો. મિત્રની પઠાણી ઉઘરાણીથી કંટાળી ફિનાઈલ પી લીધું હોવાનું નિકુંજ પરમારે આક્ષેપ કર્યો છે. આક્ષેપના પગલે પ્ર.નગર પોલીસે પઠાણી ઉઘરાણી કરનાર જિજ્ઞેશ પુજારાની અટકાયત કરી છે.

# અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ થકી મહીલાને સમજાવટથી ઘરે પરત મોકલી

## ઘરેથી નીકળી ગયેલ મહિલાનું પતિ સાથે મિલન કરાવતી અભયમ ટીમ મોરબી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખઃ-૧૮/૪/૨૦૨૪ ના રોજ એક સજ્જન વ્યક્તિ દ્વારા ૧૮૧ માં ફોન આવેલ કે એક મહિલા મળી આવેલ છે માટે મદદની જરૂર છે



૧૮૧ ટીમના કાઉન્સિલર સેજલ પટેલ કોન્સ્ટેબલ દક્ષાબેન તેમજ પાયલોટ પ્રદીપભાઈ ઘટના સ્થળે તે મહિલા સુધી પહોંચે સૌપ્રથમ તે મહિલાને સાંત્વના આપેલ ત્યારબાદ સજ્જન વ્યક્તિ સાથે ચર્ચા કરતા તેમણે જણાવેલ કે આ મહિલા ક્યારના અહીંયા એકલા બેઠા હોય કશું બોલતા ના હોય ત્યારબાદ મહિલાનું કાઉન્સલિંગ કરતા તેઓ ક્યાં રહે છે ક્યાંથી આવ્યા વગેરે પૂછવાના ઘણા પ્રયત્ન કરેલ ત્યારબાદ મહિલાએ જણાવેલ કે તેઓ ઝારખંડ ના હોય અહીંયા તેઓ કંપનીમાં કામ કરવા માટે તેમના પતિ તેમજ ભાઈ ભેગા આવેલ હોય પરંતુ તેમના પતિ જોડે ઝઘડો થતા તેઓ તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય ત્યારબાદ મહિલાને સલાહ સુચન માર્ગદર્શન આપેલ સમજાવેલ કે હવે પછી તેમના પતિ તેમજ ભાઈ ને જાણ કર્યા વગર ઘરેથી નીકળશે નહીં અને પછી તે ક્યાં રહે છે તેનું સરનામું જણાવ્યા પ્રમાણે તેમના પતિનો સંપર્ક કરીને સોંપેલ ત્યારબાદ તેમના પતિ નું કાઉન્સલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની પત્ની બાબતે પૂછપરછ કરેલ પરંતુ કાંઈ ખબર મળે નહીં અને તેઓ પણ ચિંતિત હતા મહિલા ના પતિએ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો.

# કેકેવી હોલ બ્રિજ પર બાઈક સ્લીપ થતા પત્ની અને સંતાનોની નજર સામે શિક્ષકનું મોત

## મહિલા અને બે સંતાનોને ઈજા થતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં દોઢસો ફૂટ રીંગ રોડ ઉપર આવેલી રવિ રેસિડેન્સીમાં રહેતું શિક્ષક દંપતી બે સંતાન સાથે સૂર્યનગરમાં બેસીને પરત ઘરે જઈ રહ્યું હતું. ત્યારે કેકેવી હોલ બ્રિજ ઉપર પહોંચતા સ્કૂટર સ્લીપ થયું હતું. જે બાઈક અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા સ્કૂટર ચાલક શિક્ષકનું પત્ની અને સંતાનોની નજર સામે જ મોત નિપજતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો હતો. માતા અને બે સંતાનોને સામાન્ય ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.




દોઢસો ફૂટ રીંગ રોડ ઉપર આવેલી રવિ રેસિડેન્સીમાં રહેતા અને ખીરસરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા પુનિતભાઈ માધવજીભાઈ બગડા (ઉ.વ.૪૦), તેમના પત્ની મયુરીબેન બગડા (ઉ.વ.૪૦), પુત્રી શાનવી (ઉ.વ.૮) અને પુત્ર રિદય (ઉ.વ.૪) ઈલેક્ટ્રિક સ્કૂટર લઈને કેકેવી હોલ બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પુનિતભાઈ બગડાએ ડ્રાઈવિંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક સ્લીપ થયું હતું. જે બાઈક અકસ્માતમાં ઘવાયેલા દંપતી અને બંને બાળકોને તત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા પુનિતભાઈ બગડાની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. અને મૃતક પુનિતભાઈ બગડાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક પુનિતભાઈ બગડા ખીરસરા અને તેમના પત્ની મયુરીબેન બગડા દેવડા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. સૂર્યનગરમાં રહેતા મયુરીબેન બગડાના માતાના ઘરે બેસીને શિક્ષક પરિવાર ઘરે જતો હતો. ત્યારે સ્કૂટર સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. અને મયુરીબેન બગડાએ ત્યાંથી પસાર થતા કાર ચાલકની મદદ માંગી ગંભીર રીતે ઘવાયેલા પતિને હોસ્પિટલે પહોંચાડ્યા હતા. પરંતુ જીવ બચ્યો નહિ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# રિક્ષામાં થેલો ભુલી જનાર ખંભાળિયાના યુવાનની મદદે આવતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કર્મકાંડ માટે આવેલા ખંભાળિયાના એક યુવાનનો રિક્ષામાં થેલો ભુલાઈ ગયા પછી પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કર્મચારીઓએ તે રિક્ષા શોધી કાઢી થેલો પરત અપાવ્યો હતો.



ખંભાળિયાના પવન વિજયભાઈ રાજ્યગુરૂ નામના યુવાન જામનગરના ધોરીવાવ પાસે આવેલી સંસ્કૃત પાઠશાળામાં કર્મકાંડ માટે આવ્યા પછી મંગળવારે દરેડથી જામનગર બસ ડેપો જવા માટે રિક્ષામાં બેઠા હતા.આ યુવાન રિક્ષામાંથી ઉતરતી વખતે પોતાનો થેલો રિક્ષામાં ભૂલી ગયા હતા જેમાં કપડા તેમજ અભ્યાસના અસલ કાગળો વગેરે હતા. તેઓએ તરત જ પોલીસનો સંપર્ક કરતા પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના પીએસઆઈ પી.પી. જાડેજા તથા સ્ટાફના પરેશ ખાણધર, રાધેશ્યામ અગ્રાવત, વર્ષાબા, સંજય જોડે સીસી સીવી ફૂટેજ ચકાસ્યા હતા.જેમાં રિક્ષાના નંબર મળી ગયા હતા અને તેના ચાલકને શોધી કાઢી પોલીસે પવનભાઈને થેલો પરત અપાવ્યો હતો.

# ભાણવડ વિસ્તારમાંથી ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં સ્થાનિક પી.એસ.આઈ. એમ.આર. સવસેટા તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા કોમ્બીંગમાં પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ઘુમલી ગામની સીમમાં રહેતા ભરત ચના રબારી નામના શખ્સ દ્વારા બરડા ડુંગરમાં આવેલા ખડા નેસ વિસ્તારમાં પાણીના ઝર નજીક દેશી દારૂની ભઠ્ઠી ચલાવવામાં આવતી હોવાથી આ સ્થળે પોલીસ સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.આ દરોડા દરમ્યાન પથ્થરોથી બનાવેલી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી મળી આવતા આ સ્થળેથી ૩૭૦૦ લીટર દારૂ બનાવવાનો આથો, ૪૩૦ લીટર દેશી દારૂ તેમજ વિવિધ સાધનો મળી, કુલ રૂપિયા ૧૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. જો કે આ દરોડા દરમિયાન આરોપી ભરત ચના રબારી પોલીસને હાથને લગતા આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી છે.



# મની પ્લસ શરાફી સહકારી મંડળીના સંચાલકે મંડપના ધંધાર્થી સાથે કરી રૂા.૧૧ લાખની ઠગાઈ

## રોકાણ કરવાના બહાને વેપારી પાસેથી નાણાં લઈ સંચાલકે બારોબાર વાપરી નાંખ્યાઃ નવ વર્ષ બાદ ખબર પડતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઢેબર રોડ પરની શ્રમજીવી સોસાયટીમાં રહેતા અને દેવપરા મેઈન રોડ પર પ્રણામી ચોકમાં સમા મંડપ સર્વિસ નામે વેપાર કરતા રજાક ખમીશા શમા નામના ધંધાર્થી સાથે મવડીમાં આવેલ મની પ્લસ શરાફી સહકારી મંડળીના સંચાલક અલ્પેશ ગોપાલભાઈ દોંગાએ રૂ. ૧૧ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ફરિયાદી રજાક સમાને સૌ પ્રથમ સહકારી મંડળીનો એજન્ટ દિલીપ સોરઠીયા પરીચયમાં આવ્યો હતો અને બાદમાં મંડળીમાં રોકાણ કરવાની અને ડબલ રકમ અપાવવાની વાત કરતા લાલચ જાગી હતી અને મંડળીના મેનેજીંગ ડાયરેકટર અલ્પેશ દોંગા સાથે પરીચય કરાવ્યો હતો અને અલ્પેશે ૨૦ લાખનું રોકાણ કરો અને છ વર્ષમાં ડબલ થઈ જવાની વાત કરી હતી.

બાદમાં વર્ષ ૨૦૧૫માં રૂ.૨૦ લાખનું રજાક સમાએ રોકાણ કર્યું હતું. તે પછી રજાક શમાને નાણાની ધંધામાં જરૂરીયાત ઉભી થતા અલ્પેશ દોંગા પાસે માંગણી કરતા રૂ.૯ લાખની રકમ કટકે કટકે આપી હતી અને બાકીના રૂ.૧૧ લાખની રકમ પરત આપી દેવાનું જણાવ્યા બાદ અનેક બહાના બતાવ્યા હતા. તપાસ કરતા આ રકમ અલ્પેશે અંગત હેતુસર વાપરી નાંખી હતી. આથી રજાક સમાએ રૂ.૧૧ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાવતા માલવીયાનગર પોલીસે અલ્પેશ દોંગાની શોધખોળ શરૂ કરી છે.

# ભગવતીપરામાં સૈફી પાર્ક સોસાયટીમાં બંધ મકાનમાંથી રૂા.૩.૧૫ લાખની મતાની ચોરી

## રાજસ્થાનમાં લગ્ન પ્રસંગે ગયેલા પરિવારના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ બી.ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ભગવતીપરામાં રહેતા વેપારીના મકાનમાંથી તસ્કરો રૂા.૩.૧૫ લાખની ચોરી કરી ગયા હતાં. વેપારી પરિવાર સાથે રાજસ્થાનમાં રહેતા બહેનના ઘરે પ્રસંગ હોવાથી ત્યાં ગયા હતાં ને તસ્કરો રૂા. ૨.૨૧ લાખની રોકડ અને દાગીના ઉઠાવી જતાં પોલીસે તસ્કરોની ભાળ મેળવવા તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરા મેઈન રોડ પર સૈફી પાર્ક સોસાયટીમાં બ્લોક નં.૧૭માં રહેતા અને સાધુ વાસવાણી રોડ પર જોહર ગ્લાસ નામની કાચની દુકાન ધરાવી વેપાર કરતાં યુસુફ કુતુબુદ્દીન સોમેસર વાળા (ઉ.૨૯) નામના યુવાને બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ ગત તા.૧૨-૪ના સાજે પરિવાર સાથે મકાનને તાળુ મારી રાજસ્થાનના ઉદયપુરમાં રહેતા તેના બહેનના ઘરે મિસાકનો પ્રસંગ હોવાથી ત્યાં ગયા હતાં અને આજે સવારે પરત ઘરે આવ્યા ત્યારે ડેલા પર લગાવેલો તાળાનો નકુચો તુટેલો હોય જેથી ઘરમાં પ્રવેશ કરતાં દરવાજાના તાળાનો પણ નકુચો તુટેલો હોય જેથી ચોરી થયાની જાણ થઈ હતી. તપાસ કરતાં તસ્કરો મકાનમાંથી માલસામાન વેરવિખેર કરી નીચેના રૂમમાં રાખેલા કબાટમાં રાખેલા હિસાબના રૂા. ૨.૨૧ લાખની રોકડ તથા સોનાના બુટીયા, સોનાની બે ગીની, બે ચાંદીનો સેટ, ચેન પેન્ડલ, ચાંદીની લેડીઝ વિંટી સહિત સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા.૩,૧૪,૭૦૦ની ચોરી કરી ગયા હોય જેથી તેમને પોલીસમાં જાણ કરતાં બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ.એમ.જાડેજા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો આસપાસમાં લગાવેલા સીસીટીવી ફુટેજ અને ડોગ સ્કવોડની મદદથી તસ્કરોની ભાળ મેળવવા તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

# ઋષિ પ્રસાદ સોસાયટીમાં બંધ મકાનમાંથી રૂા.ચાર લાખની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કોઠારિયા રોડ ઉપર ઋષિપ્રસાદ સોસાયટીમાં રહેતા અને હોસ્પિટલ ચોક પાસે મેડીકલ સ્ટોર ચલાવતા બંસીકુમાર ગોકુળભાઈ રાઠોડએ આજી ડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૬ તારીખે પરિવાર સાથે ચોરવાડ ગામે આઠમના હવનમાં ગયા હતા ૧૭ તારીખે પાડોશીએ ફોન કરી ઘરના તાળા તૂટેલા છે તેવું જણાવતા મોડી રાત્રે પરત આવીને જોતા લોક તૂટેલો જોવા મળ્યો હતો તેમજ કબાટની તિજોરીમાંથી દવાની ખરીદીના ૩.૫૦ લાખ રોકડા અને પિતાની બચતના ૫૦ હજાર મળી ૪ લાખ ચોરી થઇ ગયાનું જાણવા મળતા ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એ જે પરમારએ તપાસ હાથ ધરી છે.

# વિદ્યાનગર મેઈન રોડ પર ઓલમ્પસ હોસ્પિટલના આસિસ્ટન્ટ મેનેજરે કરી રૂપિયા ૩૭ લાખની છેતરપિંડી

## ડોક્ટર મિહિર તન્નાએ એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યોઃ આસિસ્ટન્ટ મેનેજરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરાય

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના વિદ્યાનગર મેઈન રોડ પર આવેલા ઓલમ્પસ હોસ્પિટલ ના આસિસ્ટન્ટ મેનેજર ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા શકશે પાંચ વર્ષ દરમિયાન પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી દવાની ખરીદી વેચાણ માટે રૂપિયા ૩૭ લાખની છેતરપિંડી કરતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતા તબીબી આલમ માં ખડબડાટ મચી જવા પામ્યો છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શ્રોફ રોડ પર આવેલા ચાણક્ય એપાર્ટમેન્ટમાં રહેતા અને વિદ્યાનગર મેઈન રોડ પર ઓલમ્પસ હોસ્પિટલ ના ડાયરેક્ટર ડોક્ટર મિહિર પ્રફુલભાઈ તન્ના યે એડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમા ઓલમ્પસ હોસ્પિટલમાં આસિસ્ટન્ટ મેનેજર ફાર્માસિસ્ટ તરીકે ૨૦૧૬ થી ફરજ બજાવતા યશેશ રાજેશ શેઠ રહે કાલાવડ રોડ સત્ય સાંઈ માર્ગ પાવન પાર્ક રાજકોટ વાળા વિરોધ ફરિયાદ નોંધાવી છે.

ડોક્ટર મિહિર તન્નાએ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પોતાની માલિકીની ઓલિમ્પસ હોસ્પિટલ તન્ના હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ માં આ કામનો આરોપી યસેસ રાજેશ શેઠ આસિસ્ટન્ટ મેનેજર ફાર્મસીસ તરીકે ૨૦૧૬ માંથી ફરજમાં જોડાયા હોય આ શકશે ૨૦૧૮ થી ૨૦૨૩ સુધી ના સમયગાળા દરમિયાન હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ ના કોમ્પ્યુટર માં રહેલ સોફ્ટવેરમાં પોતાના તથા એડમીનના યુઝરનેમ અને આઈડી થી લોગીન કરી દવાના ખરીદ વેચાણમાં તથા ડેડ સ્ટોક રજીસ્ટરમાં આશરે રૂપિયા ૩૭ લાખ ની છેતરપિંડી કરી હોય જે બાબતે એડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પી.એસ.આઇ એમ કે મોરલિયા એ ગુનો નોંધી તપાસ હાથ ધરી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# સ્પાના ધંધાર્થીઓ સાથે પોલીસની બેઠક યોજાઈઃ ગોરખધંધા બંધ કરવા સુચના અપાઈ

## ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલના અધ્યક્ષ સ્થાને SOG શાખામાં તમામ સ્પા સંચાલકો સાથે મિટિંગ યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટના તમામ સ્પા સંચાલકો સાથે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલના અધ્યક્ષ સ્થાને એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પા સંચાલકોને પોતાના સ્પામાં કામ કરતા તમામ કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં સમયસર કરાવવા સુચનાઓ આપવામાં આવી તેમજ પોતાના સ્પામાં ડ્રગ્સને લગતી તેમજ અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ ન થાય તે માટે તકેદારી રાખવા સુચના આપી તથા આવી પ્રવૃતિઓ વિરૂધ્ધની વિવિધ કાયદાકીય જોગવાઈ અંગે સમજ કરવામાં આવી. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરીની સુચના અન્વયે ડીસીપી ક્રાઈમ અને સ્પેશ્યલ બ્રાન્ચના ડો.પાર્થરાજસિંહ ગોહિલના અધ્યક્ષતા યોજયેલ આ મીટીંગમાં એસ. ઓ.જી શાખાના પી.આઈ જે.એમ.કૈલા,અઈઝઅ રાજકોટ શહેરના પી. આઈ કે.જે.કરપડા, એસ. ઓ.જી શાખાના પી. એસ.આઈ ડી.પી.ગોહેલ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# બેડીનાકા ટાવર પાસે મંદિરમાં ચોરી કરનાર તસ્કર ઝડપાયોઃ રૂા.૮૧ હજારનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોની બજાર નજીક બેડી નાકા ટાવર અંદરં આવેલા રાણીમા રૂડીમા મંદિરમાંથી ચાર દિવસ પહેલા ચાંદીના છતરની થયેલી ચોરીનો ભેદ થોરાળા પોલીસે ઉકેલી તસ્કરને ઝડપી લઈ રૂ.૮૧ હજારના છતર કબ્જે કર્યા છે.

તસ્કર મંદિર માંથી ચોરેલું ચાંદીનું છતર સંત કબીર રોડ પર ગાળવા માટે આવ્યાની માહિતીને આધારે થોરાળા પોલીસે સંત કબીર રોડ ગોકુલ પાનવાળી શેરી પાસેથી કેસરી પુલ નજીક રહેતા મહેન્દ્ર રમ શભાઈ સનુરાને પકડી થેલી ચેક કરતાં ચાંદીના છત્તર જોવા મળ્યા હતાં. બીલ માંગતા ગલ્લા તલ્લા કર્યા હતાં. તેની પુછતાછ કરતાં આ છત્તર ચાર દિવસ પહેલા સોની બજારના રાણીમા રૂડીમા માંવિદરમાંથી ચોરી કર્યાનું કબુલ્યું હતું. પૈસાની જરૂર હોઇ છતર ચોરી કર્યાનું કબૂલ્યું હતું. તેની પાસેથી ૧ કિલો ૮૦૦ ગ્રામ વજનના રૂા. ૮૦ હજારના છત્તર કબ્જે કરવામાં આવ્યા હતાં.

# હાર્ડવેરના વેપારીની રૂા.૨૦ લાખની કાર ભાડે રાખીને શખ્સોએ કરી છેતરપિંડી

## થોડા સમય ભાડુ ચુકવી બાદમાં હાથ ઊંચા કરી દીધાઃ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં રહેતા અને મુળ ગોંડલ પંથકના હાર્ડવેરના વેપારીની રૂા. ૨૦ લાખની સ્કોર્પિયો કાર ભાડે લઈ ગયા બાદ થોડો સમય ભાડુ ચુકવી બાદમાં રકમ ચુકવવાનું બંધ કરી દઈ અને કાર પણ પરત ન આપી ઠગાઈ આચર્યાની ફરિયાદ તાલુકા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે રાજકોટમાં કોઠારીયામાં રહેતા અને જામનગરના શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, મુળ ગોંડલના મોટી ખીલોરી ગામના વતની અને હાલ રાજકોટમાં મવડી ગામમાં ભાડાના મકાનમાં રહેતા અને સંસ્કાર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સત્યમ એન્ટરપ્રાઈઝ નામની હાર્ડવેરની દુકાન ધરાવતાં વેપારી ઋષિ હિમંતભાઈ ચોવટીયા (ઉ.૨૫)એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં કોઠારીયા ગામે રહેતા આકાશ ઉર્ફે અક્કી પટેલ અને જામનગરમાં રહેતો ભિલાલશા હશનશા શહમદારના નામ આવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેણે ગત તા.૨-૩-૨૦૨૪ના રૂા.૨૦.૦૫ લાખમાં નવી સ્કાર્પિયો કાર ખરીદી હતી જે ખાર તેણે તેને ફૈઈના પુત્ર કૃતિક હરીપરાને સંભાળવા માટે આપી હતી અને કૃતિક જ આ કાર ભાડે આપી તેનો વહીવટ કરતો હતો. દરમિયાન કૃતિકે આ કાર દોઢેક માસ પહેલા કોઠારીયામાં રહેતા આકપિશ ઉર્ફે અક્કીને ૧૫૦ ફુટ રીંગ રોડ પર મવડી ચોકડી પાસે ૨૪ કલાકના રૂમ.૪૩૦૦ના ભાડા લેખે ભાડે આપી હતી. બાદમાં એક મહિના સુધી આકાશે કારનું ભાડુ ચુકવ્યું હતું.

દરમિયાન ફરિયાદીને કાર અન્ય કોઈને ભાડે આપવી હોય જેથી તેણે કૃતિકને વાત કરી હતી. જેથી કૃતિકે કાર પરત આપવા માટે અક્કીને ફોન કરતાં તેણે કહ્યું કે કાર જામનગરના બીલાલશા પાસે છે તે પરત આપશે એટલે હું આપી દઈશ તેમ જણાવતાં ફરિયાદીએ કૃતિકને ગમે તેમ કરી કાર પરત લેવાનું કહેતા કૃતિકે આકાશને કાર પરત આપવા માટે અવારનવાર કહેવા છતાં અને જામનગરના બીલાલશાને પણ ફોન કરવા છતાં બન્ને લોકો કાર પરત આપતા ન હોય અને ભાડુ પણ આપતાં ન હોય જેથી બન્ને શખ્સોએ વિશ્વાસઘાત, છેતરપીંડી કરી હોવાનું માલુમ પડતાં ફરિયાદીએ આ અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જેથી તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એચ.એન.ગઢવીએ કોઠારીયામાં રહેતા આકાશ અને જામનગરના બીલાલશા સામે છેતરપીંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડિસ્ટ્રીકટ જજની બદલીના પેંડા વેચનાર સિનિયર એડવોકેટ દિલીપ પટેલ અને ઉદાણીને બાર એસોસીએશને નોટીસ ફટકારી

## જજની બદલી થતા 'વકીલોમાં ખુશીની લહેર'ના મેસેજ વાઈરલ કર્યા હતાઃ નવા-જૂની થવાના એંધાણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગમાં ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વચ્છાણીની બદલીના હાઇકોર્ટના ઓર્ડર બાદ 'વકીલોમાં ખુશીની લહેર' મેસેજ વાઇરલ કરી કોર્ટ લોબીમાં પેંડા વહેંચી તેના ફોટા વાઇરલ કરવાના ચકચારી બનેલા પ્રકરણમાં રાજકોટ બાર એસોસિએશન દ્વારા બે વકીલ વિરુદ્ધ ઠપકા ઠરાવ કરવામાં આવ્યો છે અને આજે શો કોઝ નોટિસ આપવામાં આવશે. આ ઠરાવ રાજકોટ બાર એસોસિએશનની કારોબારીની બેઠકમાં ૧૦ વિરુદ્ધ ૩ મતથી પાસ કરવામાં આવ્યો હતો.

રાજકોટ બાર એસોસિએશનના સેક્રેટરી પી.સી.વ્યાસે જણાવ્યું હતું કે, ડિસ્ટ્રિક્ટ જજની બદલી થતા અમુક વકીલો દ્વારા તેની ઉજવણી કરવામાં આવ્યાની અને પેંડા વહેંચી તેના ફોટા વાઇરલ કરી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી જે રાજકોટ બાર એસોસિએશનની ગરિમાને હાનિ પહોંચાડનારી ઘટના હોય અમે કારોબારીની બેઠક બોલાવી તેનો વિરોધ કર્યો હતો અને આ ઘટના માટે જવાબદાર એવા એડવોકેટ દિલીપ પટેલ અને યોગેશ ઉદાણી વિરુદ્ધ ઠપકા ઠરાવ કરવામાં આવ્યો હતો. આ બન્ને વકીલને ગુરુવારે શો કોઝ નોટિસ આપી ખુલાસો પૂછવામાં આવશે અને ત્યારબાદ નિયમાનુસારના પગલાં લેવાશે.

આ ઠરાવ ૧૦ વિરુદ્ધ ૩ મતથી પસાર કરવામાં આવ્યો હતો. બીજીબાજુ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને સંબોધીને લખાયેલા હાઇકોર્ટના રજિસ્ટ્રારના પત્રથી પણ રાજકોટ બાર એસોસિએશનની આબરૂ ખરડાઇ હોય આ મુદ્દે પણ આગામી દિવસોમાં નવાજૂની થવાનાં એંધાણ મળી રહ્યા છે. નવા કોર્ટ બિલ્ડિંગના લોકાર્પણ બાદ અનેક મુદ્દે વિવાદ શરુ થયા છે અને હજુ સુધી તેના કોઈ નિરાકરણ આવ્યા નથી ત્યારે શહેરના બે જાણીતા અને ખ્યાતનામ સામે ખુદ બાર એસોસિએશને આકરી કાર્યવાહી કરવાની શરૂઆત કરતા આગામી દિવસોમાં આ મુદ્દે વધુ વિવાદ વકરે તેવી સંભાવના હોવાનું વકીલ વર્તૂળોમાંથી જ જાણવા મળે છે.

# ભીસ્તીવાડના નામચીન શખ્સે વિધવાને હવસનો શિકાર બનાવતા ફરિયાદ

## વિધર્મી શખ્સે જ્ઞાતિ છુપાવી મહિલાને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભીસ્તીવાડના હિસ્ટ્રીશીટરએ વિધવા મહિલા સાથે વારંવાર દુષ્કર્મ આચરી મારકૂટ કર્યાની મહીલા પોલીસમાં ફરિયાદ નોંધાતા આરોપીની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

રાજકોટમાં રહેતા ૩૪ વર્ષીય વિધવા મહિલાએ ભીસ્તીવાડમાં રહેતા હિસ્ટ્રીશીટર યાસીન ઉર્ફે ભૂરો ઉસ્માનભાઈ કેયડા સામે મહિલા પોલીસમાં દુષ્કર્મની નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૯ વર્ષ પૂર્વે પતિનું અવસાન થયા બાદ યાસીનના સંપર્કમાં આવી ત્યારે તેણે રાહુલ પ્રજાપતિ તરીકેની ઓળખ આપી લગ્નની લાલચ આપતા આંઠેક વર્ષથી લીવ ઈન રીલેશનશીપમાં રહેતી હતી આ દરમિયાન વારંવાર શરીર સંબંધ બાંધ્યો હતો લગ્નની વાત કરું ત્યારે ઝઘડા કરી મારકૂટ કરતો દરમિયાન પ્રનગરમાં ગુજસીટોકનો ગુનો નોંધાતા યાસીનની ધરપકડ થઈ હતી હજુ ચારેક મહિનાથી છૂટીને આવ્યો હોય ફરી ઝઘડા કરી દુષ્કર્મ આચરતો હોય પ્રનગર પોલીસમાં અરજી કરી હતી આજે ફરી ઝઘડો કરતા પોતે પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા જાય છે તેમ કહી નીકળ્યા બાદ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાતા પીઆઈ ઈલાબેન સાવલીયા સહિતનાએ ગુનો નોંધી આરોપીને પકડવા જતા આરોપી મોબાઈલ બંધ કરી ભાગી ગયો હોય લોકેશન આધારે શોધખોળ હાથ ધરી છે વિધર્મી શખસે જ્ઞાતિ છુપાવી વિધવાને હવસનો શિકાર બનાવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

### મિશન બહુજન હિતાય બહુજન સુખાય અંતર્ગત

# શહેર અને ગ્રામ્યમાં યુવા ભીમ સેના દ્વારા સભ્ય નોંધણી કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલા અનુસૂચિત જાતિ, જનજાતિ, ઓબીસી અને લઘુમતી તેમજ તમામ ગરીબ પછાત વર્ગના બહુજન સમાજના હકક અધિકારોની બંધારણીય રીતે અમલ કરાવવાના હેતુ માટે રાજકોટ શહેર મા વર્ષ ૨૦૧૫ ના રોજ યુવા ભીમ સેના ની યુવા ભીમ સેનાના અધ્યક્ષ ડી. ડી. સોલંકી દ્વારા સ્થાપના કરવામાં આવેલ છે.... છેલ્લા ૯ વર્ષોથી યુવા ભીમ સેનાના માધ્યમથી અનેક વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.... જેમાં વિદ્યાર્થીઓ માટે કાયદા ક્લાસિસ તથા અટ્રોસિટી એક્ટ અને કાયદાઓ અંગે લોકોને જાગૃત કરવા કાયદા શિબિર, સમાજને આર્થિક રીતે પગભર કરવા મોટીવેશનલ બિઝનેસ સેમિનાર યોજવા, ગરીબ પછાત વર્ગના લોકોનાં મકાનો ઝૂંપડપટ્ટી ડિમોલેશન અટકાવવા કે પુનઃવસન કરાવવા તેમજ સાંથળીની જમીન, ૧૦૦ ચો.વાર પ્લોટ અંગે કાયદાકીય રીતે મદદરૂપ થવું, ગામડે ગામડે મીટીંગો કરી લોકોને જાગૃત કરવા, પોલીસ ફરીયાદ તેમજ અટ્રોસિટીના બનાવમાં ફરિયાદીને યોગ્ય ન્યાય મળી રહે તે માટે પ્રયાસો કરવામાં આવેલ છે. બ્લડ ડોનેશન કેમ્પ જેવા આવા અનેક પ્રકારના કાર્ય અને બનાવોમાં ગુજરાત ભરમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુવા ભીમ સેનાના માધ્યમથી હક્ક અધિકારો માટે કામગીરી કરવામાં આવી રહેલ છે... આ જ કાર્ય ને હજુ ઘણા વિશાળ ફલક પર લઈ જવા માટે ફૂલે-શાહુ-આંબેડકરી વિચારધારાને રાજ્યે લેવલે પ્રભાવશાળી મજબૂત બનાવવા માટે તેમજ OBC SC ST અને લઘુમતી તથા ગરીબ સમાજનાં બંધારણીય હકક અધિકારો અને પડતર પ્રશ્નો અંગે રાજ્યે જન આંદોલન ઉભું કરવા મિશન બહુજન હિતાય બહુજન સુખાય અંતર્ગત યુવા ભીમ સેના દ્વારા સભ્ય નોંધણી નો કાર્યક્રમ તા.૨૧/૦૪/૨૦૨૪ને રવિવારના રોજ ડો.આંબેડકર પ્રાર્થના હોલ, લક્ષ્મી સોસાયટી, રાજનગર પાછળ, નાના મોવા મેઈન રોડ રાજકોટ ખાતે યોજવામાં આવી રહેલ છે. જે કાર્યક્રમ મા ખૂબ જ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા સામાજિક અને ન્યાયિક રીતે યુવા ભીમ સેનાના માધ્યમ થી કામગીરી કરવા માગતા સામાજીક યોદ્ધાઓને હાજર રહેવા આહવાન કરવામાં આવે છે. આ કાર્યક્રમ ની તડામાર તૈયારીઓમાં યુવા ભીમ સેનાના સંસ્થાપક ડી. ડી. સોલંકી વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ચેક રિટર્ન કેસમાં કોર્ટે વોરંટ ઈસ્યુ કરતા મુંબઈના વેપારીએ તાબડતોબ રકમ ભરપાઈ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંબઈના વેપારી સામે રાજકોટની કોર્ટે ચેક રિટર્ન કેસમાં વોરંટ કાઢતા મુંબઈના વેપારીએ રૂ.૨.૩૩ લાખની રકમ ચૂકવી દીધી હતી.

આ કેસની હકીકત મુજબ રાજકોટના લોઠડા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પ્રિતેશભાઈ જયસુખભાઈ બાબરીયા મહાદેવ કાસ્ટીંગથના નામથી પાર્ટનર દરજજે ફાયર સેફટી ઈકવીપમેન્ટની સાધનો બનાવવાનો ધંધો કરે છે જયારે આરોપી દિલીપ શાહ મુંબઈ ખાતે પરૂશીલ ફાયર પ્રોટેશન સીસ્ટમ્સથના નામથી ધંધો કરતા હોય ફરિયાદી પાસેથી દિલીપ શાહે ફાયરસેફટી ઈકવીપમેન્ટના માલની ખરીદી કરેલી હતી. જે માલનું પેમેન્ટ રૂા.૨,૩૩,૬૪૦ ચુકવવા માટે ચેક પરત કર્યો હતો. જે અંગે પાઠવેલી નોટીસ બીજી જવા છતાં રકમ ન ચુકવતા પ્રિતેશભાઈ ભાબરીયાએ તેમના વકીલ મારફત



ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. મુંબઈના વેપારી દિલીપ શાહેને રાજકોટની સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટમાં હાજર થવા અંગેનું વોરંટ કાઢતા જ ચેક મુજબની રકમની બેંક મારફત ચુકવણી કરી આપી હતી. આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયા હતા.

# પાડોશીએ મકાન ખાલી કરવાનું કહેતા મહિલાનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ તાલુકાના વીરવા ગામે રહેતા વેપારી પ્રોઢાને પાડોશી મકાન ખાલી કરી જતા રહેવાનું કહી ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે વેપારી પ્રોઢાએ ઝેરી દવા પી લીધી હતી. પ્રોઢાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ તાલુકાના વીરવા ગામે રહેતા શારદાબેન ગિરધરભાઈ નિમાવત નામના ૫૦ વર્ષના પ્રોઢા પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના નવેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. પ્રોઢાને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે કાલાવડ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અંગે પ્રાથમિક પૂછપરછમાં શારદાબેન નિમાવતને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે અને શારદાબેન નિમાવત પૂજાપાઠની સામગ્રીની દુકાન ધરાવે છે અને પાડોશમાં રહેતા શખ્સે તમે અહીંથી મકાન ખાલી કરીને જતા રહો તેમ કહી ત્રાસ આપતા હોવાથી શારદાબેન નિમાવતે ઝેરી દવા પી લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.